PGVCL — પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

[illegible]

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/ક્વા–૦૧/૧૬–૧૭ / [illegible] તા. [illegible]

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શ્રી પ્રવિણભાઈ અરજણભાઈ અજુડીયા,
ગામ: વડલા (ગીર)
તા.તલાલા
જી.જુનાગઢ
મો : ૯૪૨૭૫૭૧૫૮૪

**વિષય :–વીજજોડાણ શીફટીંગ બાબત**
**સંદર્ભ:– આપની અરજી નીલ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૧૩/ક્વા–૦૧/૧૬–૧૭)**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 03 )

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ,વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલેલ, પેટા વીભાગીય કચેરી,આકોલાવાડી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૩/કવા–૦૧/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૩–૦૫–૧૬ | સ્થળ :જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: શ્રી પ્રવિણભાઈ અરજણભાઈ અજુડીયા**

**ગામ: વાડલા,**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી પ્રવિણભાઈ અરજણભાઈ અજુડીયા હાજર રહેલ હતા.**

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,આકોલાવાડી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)**

**રજુઆત કરનાર :ડી.વી.લાખાણી, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી વેરાવળ**

## : હુકમ :

**ફરીયાદ : વીજજોડાણ શીફટીંગ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી એ તેઓ શ્રી નુ, તેમના ગામઃ વાડલા તા.:તલાલા ખાતે નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ નુ નવુ ખેતીવાડી વીજજોડાણ મંજુર થતા, તેઓ શ્રી એ અગાઉ પીજીવીસીએલ મા તા.૦૯–૦૨–૧૦ ના રોજ મંજુરી ના ભાવપત્રક ની રકમ ભરપાઈ કરી આપેલ હતી, પરંતુ ,મુળ માંગણી મુજબ ના સ્થળ ના કુવા મા અપુરતુ પાણી હોય, આજ સર્વે નંબર ના નવા કરાયેલ બોર મા પુરતુ પાણી હોય, '' કુવાને બદલે બોર પર વીજ જોડાણ '' આપવા માટે તેઓએ લેખીત રજુઆત આપેલ હતી. પરંતુ, પીજીવીસીએલ તરફથી, માંગણી મુજબ નો બોર – નજીક ની ઓવરહેડ લાઈન થી ૭૦૦ મીટર દુર હોવાના કારણોસર – તેઓ ને, જે તે સમયે, કુવાને બદલે બોર પર ના રીવાઈઝ સર્વે કરીને, રીવાઇઝ રકમ નુ ભાવપત્રક આપવામા આવેલ ન હતુ. તેઓએ આ બાબતે, વારંવાર – વર્ષ–૨૦૧૦ થી વર્ષ–૨૦૧૬ સુધી રજુઆતો કરવા છતા, પીજીવીસીએલ તરફથી તેઓને આજદિન સુધી, તેઓની માંગણી મુજબ ના બોર પર રીવાઇઝ સર્વે કરી અને ભાવપત્રક અપાયેલ ન હોવાના કારણોસર, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨.૧ | અરજદારે તેમના ગામઃ વાડલા તા.:તલાલા ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૨૬ પૈકી ૧ મા તા.૨૭–૦૭–૧૧ થી મીટર ટેરીફ હેઠળ ચાલુ થયેલ ૫ હોપા નુ, ખેતીવાડી વીજજોડાણ નં.:૮૮૪૪૮/૧૦૦૦૫/૪, જે મુળ ''કુવા '' પર અપાયેલ છે. આ ''કુવા મા '' અપુરતુ પાણી હોય, આજ સર્વે નંબર એટલેકે ૨૬ પૈકી ૧ મા જ, અરજદારે બનાવેલ ' ' નવા બોર '' મા પુરતુ પાણી હોય, જેથી અરજદારે, સદર હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.:૮૮૪૪૮/૧૦૦૦૫/૪ (હોપા–૫) ને '' કુવાને બદલે – એજ સર્વે નંબર પર આવેલ બોર પર વીજ જોડાણ '' શીફટીંગ મેળવવા માટે ની અગાઉ પીજીવીસીએલં મા અને હાલ, ફોરમ સમક્ષ '' હૈયાત ખેતીવાડી વીજજોડાણ ને એકજ સર્વે નંબર ના અન્ય પોઇન્ટ પર શીફટીંગ'' મેળવવા માટે ની અરજી આપેલ છે. |
| ૨.૨ | પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ માં '' ખેતીવાડી વિષયક હળવા દબાણ ના હૈયાત ખેતીવાડી વીજજોડાણો ને, સ્થળફેર ( શીફટીંગ ), આપવા સબબ ના '' મથાળા હેઠળ ના, મુદદા નં. (૨) ના પેરાગ્રાફ નં. ''ત'' મા કરાયેલ જોગવાઈ મુજબ, અરજદાર શ્રી ની સદર '' અરજદારે, સદર હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.:૮૮૪૪૮/૧૦૦૦૫/૪ (હોપા–૫) ને ' ' કુવાને બદલે – એજ સર્વે નંબર પર આવેલ બોર પર વીજ જોડાણ '' શીફટીંગ મેળવવા માટે ની '' માંગણી , જે – સદર જોગવાઈઓ મુજબ '' એકજ સર્વે નંબર મા આવેલ અન્ય પોઇન્ટ પર શીફટીંગ મેળવવા માટે '' અરજદાર શ્રી એ '' પોઇન્ટ ઓફ સપ્લાય બદલ્યા વગર– એટલેકે હાલ જે જગ્યાએ જોડાણ – સર્વિસ વાયર / મીટર લગાડી અને ચાલુ છે – તે જગ્યાને ચાલુ રાખી, એટલેકે હાલ નો પોઈન્ટ ઓફ સપ્લાય ચાલુ રાખી''- અને સ્વખર્ચે -- ''હાલ ના પોઈન્ટ ઓફ સપ્લાય થી, એટલેકે કુવા ના સ્થળ થી, માંગણી મુજબ ના બોર ના પોઇન્ટ સુધી, સ્વખર્ચે, ગુણવતાયુકત થ્રી ફેઇઝ કેબલ, જે સલામતી ની તમામ બાબતો ને નજર સમક્ષ રાખી અને લગાડવાનો રહેશે. '' |

| | |
|---|---|
| | આ માટે અરજદારે (૧) હાલ ના કુવામા રહેલ મોટર ને કુવાની બહાર કાઢી નાખવાની રહેશે. (૨) માંગણી મુજબ ના કુવા પર સબમર્શીબલ જે, કરારીત વીજભાર વાળી જ લગાડવાની રહેશે. (૩) કુવા અને નવા બોર બન્ને મા અલગ અલગ ક્ષમતાની મોટરો લગાડી અને વીજપુરવઠો વાપરી શકાશે નહી. (૪) કુવા પર નો વીજપુરવઠો સદંતર બંધ કરી અને, જોડાણ નો કરારીત વીજભાર , એટલેકે બીલીગ હોપા વાળી મોટર માત્ર નવા બોર પર લગાડી અને માત્ર બોર પર જ વીજ પુરવઠો વાપરી શકાશે. (૫) આ તમામ બાબતે નુ રૂ.૧૦૦/- ના નોટરાઈઝ સ્ટેમ્પ પેપર પર અરજદારે લેખીત બાહેધરીપત્ર, જે શીફટીગ ની અરજી સાથે રજુ કરવાનુ રહેશે. (૬) જુના કુવા થી નવા બોર સુધી થ્રી ફેઈઝ કેબલ લગાડાયા સબબ નો, તેમજ નવા સ્થળ (પોઈન્ટ ઓફ સપ્લાય) એટલેકે બોર પર નવી સબમર્શીબલ મોટર – જે કરારીત વીજભાર મુજબ ના – ૦૫ હોપા મુજબ ની જ બોર લગાડેલ હોવા સબબ નો નવો ટેસ્ટ રીપોર્ટ પણ કચેરી મા નોંધાવવાનો રહેશે. (૭) જરૂર જણાયે, અરજદાર હૈયાત – કરારીત વીજભાર મા વધારાનો વીજભાર ની માંગણી મુકી અને તે અન્વયે નિયમાધીન પ્રક્રીયા હેઠળ ની મંજુરી પણ મેળવી શકશે. આમ, આ મુજબ ની તમામ બાબતો, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરવા માટે અરજદાર શ્રી ને – આકોલાવાડી પેટા વિભાગીય કચેરી તરફથી, લેખીત પત્ર ક્રમાંક એકેએલ/ટેક/૩૮૬૫ તા.૨૨-૦૪-૧૬ થી પાઠવવામા આવેલ છે. જો, અરજદાર આ મુજબ ની લેખીત અરજી સાથે ની વિગતો રજુ કરશે તો, અરજદાર શ્રી ને તેમની માંગણી મુજબ નુ, હૈયાત ખેતીવાડી વીજજોડાણ, જે એક જ સર્વે નંબર ના અન્ય પોઈન્ટ ઉપર શીફટીગ આપી, અને તે મુજબ અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. |
| <u>૨.૩</u> | વિશેષ મા, અરજદાર ના સદર '' એક જ સર્વે નંબર ના અન્ય પોઈન્ટ ઉપર શીફટીગ '' વાળા કેઈસ મા , શીફટીગ મેળવવા માટે ના પોઈન્ટ ઓફ સપ્લાય, એટલેકે બોર ની નજીક, જો – ટ્રાન્સફોર્મર નુ ઈન્ફ્રાસ્ટ્રકચર હૈયાત હોય તો, અરજદાર શ્રી ને, સદર – હૈયાત ટ્રાન્સફોર્મર માથી – જરૂર જણાયે એલ.ટી. વીજલાઈન ખેચી ને વીજપુરવઠો આપવાની નિયમાધીન જોગવાઈ છે. આ અંગે, અરજદાર શ્રી એ – માત્ર આ મુજબ ની જ લેખીત અરજી અલગ થી આપી અને પીજીવીસીએલ પાસે લેખીત માંગણી કરવાની રહેશે. જેના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, સદર માંગણી અન્વયે નુ સર્વેક્ષણ કરી, નિયમાધીન થતા ખર્ચ નુ એસ્ટીમેટ તૈયાર કરી, તાંત્રીક મંજુરી મેળવી, અને તે મંજુરી નુ નિયમાધીન એવા તમામ ખર્ચ નુ ભાવપત્રક અરજદાર શ્રી ને પીજીવીસીએલ તરફથી આપવામા આવશે. જેની રકમ અરજદાર તરફથી ભરપાઈ થયે, પીજીવીસીએલ ના નિયમાધીન પ્રક્રીયા હેઠળ, સદર હૈયાત ટ્રાન્સફોર્મર ઈન્ફ્રાસ્ટ્રકચર માથી,પોઈન્ટ ઓફ સપ્લાય સુધી વીજપુરવઠો આપવાની, કાર્યવાહી હાથ ધરવામા આવશે. |

**<u>મુદદા નં.-૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩.૧</u> | અરજદારે, તેમની ફોરમ કમિટી સમક્ષ ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે ની અરજી મા, તેમના હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.:૮૮૪૪૮/૧૦૦૦૫/૪ (હોપા-૫) ને '' કુવાને બદલે – એજ સર્વે નંબર પર આવેલ બોર પર વીજ જોડાણ '' શીફટીગ મેળવવા માટે ની માંગણી કરેલ છે. જે માંગણી પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૨ મા વર્ણવેલ નિયમાધીન બાબત હેઠળ માન્ય રાખવા યોગ્ય છે. તેમ છતા, અરજદાર શ્રી તેમની માંગણી મુજબ ના, મુળ જોડાણ વાળા સર્વે નંબર પર ના જ – શીફટીગ વાળા પોઈન્ટ ઓફ સપ્લાય (બોર) ની નજીક ના, પીજીવીસીએલ ના હૈયાત ટ્રાન્સફોર્મર માથી વીજપુરવઠો મેળવવા ઈચ્છતા હોય તો, તે માંગણી પણ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૩ મા વર્ણવેલ નિયમાધીન બાબત હેઠળ માન્ય રાખવા યોગ્ય છે. અરજદાર શ્રી ના સદર '' એક જ સર્વે નંબર ના અન્ય પોઈન્ટ ઉપર શીફટીગ '' વાળા કેઈસ મા , ફોરમ કમિટી તરફથી આ મુજબ નો નિષ્કર્ષ થયેલ છે. જેથી, અરજદાર તેમજ પીજીવીસીએલ પક્ષકાર બન્ને ને આ મુજબ ની કાર્યવાહી હેઠળ અરજદાર શ્રી ની સદર માંગણી મુજબ નુ હૈયાત ખેતીવાડી વીજજોડાણ, જે ''એક જ સર્વે નંબર ના અન્ય પોઈન્ટ ઉપર શીફટીગ '' કરી અને તે મુજબ અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.-૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને તે મુજબ ની કાર્યવાહી કરવાનો, તેમજ પીજીવીસીએલ પક્ષકાર ને સદર મા વર્ણવ્યા મુજબ ની કાર્યવાહી કરવાનો, એમ બન્ને પક્ષકારો ને, સદર મા વર્ણવ્યા મુજબ ની કાર્યવાહી હેઠળ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા સબબ નો , ખાસ કરીને પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. [illegible] )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..